# ઓઈલથી નિર્માણ પામેલો દેશ ઓઈલ ઉત્પાદનનું વ્યવસ્થાપન ન કરી શકવાના કારણે ગરીબીમાં સપડાયો

પગરવ
★ પ્રશસ્ત પંડયા



દુનિયાના ગતિનું ઈંધણ ક્રૂડ ઓઈલ છે. જે ગતિમાં વિશ્વ આજે દોડતું દેખાઈ રહ્યું છે તેનું એક માત્ર કારણ આપવું હોય તો તે ક્રૂડ ઓઈલ છે. ક્રૂડ ઓઈલની બબાલ આજની નથી; જ્યારથી માનવજાતે વિકાસ માટે અતિઝડપનો સિદ્ધાંત સ્વીકારી લીધો છે ત્યારથી ક્રૂડ ઓઈલ અગ્રિમ જરૂરિયાત બની છે. અને એટલે અમેરિકાએ દક્ષિણ અમેરિકાના દેશ વેનેઝુએલા પર પણ હૂમલો કર્યો છે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરવાના કારણ જે દર્શાવાયા તેમાં ડ્રગ્સ કાર્ટેલ અને અમેરિકા વિરુદ્ધનું વલણ હતું; પરંતુ વેનેઝુએલા અને અમેરિકાના સંબંધોનો અભ્યાસ કરનારા માને છે કે વેનેઝુએલાનું સૌથી મોટું ઓઈલ રિઝર્વ આ હૂમલા પાછળનું કારણ છે. હવે પ્રશ્ન થાય કે આ રિઝર્વ ઓઈલ કેટલું છે? તો આ હિસ્સો દુનિયાના કુલ રિઝર્વ ઓઈલના 18 ટકાની આસપાસ છે. બીજા ક્રમાંકે આ હિસ્સો આવે છે તે સાઉદી અરેબિયા છે. વિશ્વના દેશોના રિઝર્વ ઓઈલનો એક અંદાજ 'ઓર્ગેનાઈઝિંગ ઓફ ધ પેટ્રોલિયમ એક્સ્પોર્ટિંગ કન્ટ્રીઝ'[OPEC]એ કાઢ્યો છે, તે મુજબ ત્રીજા અને ચોથા ક્રમાંકે ઈરાન અને ઈરાક આવે છે, અને તે પછીના ક્રમે કેનેડા છે. રશિયા અને અમેરિકા પણ આવો ઓઈલ ભંડાર ધરાવે છે અને તેમનો ક્રમ ટોપ ટેન દેશોમાં આવે છે. મુખ્ય રીતે ઓઈલનો ભંડાર જ્યાં મળે છે તે અરબ દેશો છે, તે પછી દક્ષિણ અમેરિકાના દેશો આવે છે અને કેટલાંક આફ્રિકાના દેશો પણ તેમાં સમાવિષ્ટ છે.

ઓઈલ વિના કોઈનેય ચાલવાનું નથી અને તે માટે દુનિયાભરમાં ઓઈલ પ્રોડક્શન કરતાં દેશોના જુદા-જુદા સંગઠનો બન્યા છે. તેમાં સૌથી શક્તિશાળી ગણાતું જૂથ તે 'OPEC'છે. આ જૂથની સ્થાપના થઈ હતી ત્યારે તેમાં માત્ર પાંચ સભ્યો જોડાયા હતા, તેમાં ઈરાન, ઈરાક, કુવૈત, સાઉદી અરેબિયા સહિત વેનેઝુએલા પણ હતું. મતલબ કે વેનેઝુએલાને પોતાની ઓઈલ પાવરનો ખ્યાલ OPECની સ્થાપના થઈ તે 1960 વર્ષથી જ આવી ગયો હતો. OPEC સાથે જોડાયેલાઓનો મુખ્ય ઉદ્દેશ ઓઈલ દ્વારા મહત્તમ નફો કમાવવાનો અને એક રહીને ઈજારો ભોગવવાનો હતો. આ કુદરતી સંપત્તિ છે તેથી તે ઈજારો ઓઈલ ધરાવનારા ભોગવી પણ શક્યા. તે પછી OPECમાં સભ્ય સંખ્યા વધતી ચાલી અને તે 12 સભ્ય સુધી પહોંચી હતી. 'OPEC પ્લસ'કરીને પણ એક ગ્રૂપ બન્યું તેની સભ્ય સંખ્યા હવે 11 થઈ છે. મતલબ કે, વિશ્વના 33 દેશો તેમાં જોડાયેલા છે. આ ગ્રૂપમાં વેનેઝુએલા પ્રથમ ક્રમાંકે આવે છે. તેની પાસે ઓઈલ ભંડાર છે પણ તેનું પ્રોડક્શન સાઉદી અરેબિયા કરતાં દસમા ભાગનું છે. વેનેઝુએલામાં જે પ્રમાણે ઓઈલનું પ્રોડક્શન થવું જોઈએ તે માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ન ગોઠવાયું, જે અરબ દેશોમાં નિર્માણ પામ્યું. વિશ્વમાં જે કંઈ ઓઈલ પ્રોડક્શન થાય છે તેમાં વેનેઝુએલાનો હિસ્સો એક ટકા પણ થતો નથી!

વેનેઝુએલામાં ક્રૂડ ઓઈલ છે તેનો એક અંદાજ 'યુએસ એનર્જી ઈન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશન'દ્વારા પણ કાઢવામાં આવ્યો છે. આ સંસ્થા મુજબ વિશ્વનું 20 ટકા ઓઈલ વેનેઝુએલા પાસે છે અને તેની કિંમતનો અંદાજ લગાવવો હોય તો તે 1557 લાખ કરોડનું છે. હવે અહીંયા ભંડાર તો છે પણ તેની ગુણવત્તા સંદર્ભે એવું કહેવાય છે કે તેમાં સલ્ફરનું પ્રમાણ વધુ છે. તે કારણે તેને ઉપયોગમાં લેવા લાયક બનાવવા અર્થે તેને પ્રોસેસ્ડ કરવા અત્યાધુનિક ટેક્નોલોજી જોઈએ, જે અંગે વેનેઝુએલાની સરકારે ખૂબ ઓછું ધ્યાન આપ્યું છે. વેનેઝુએલા આ કારણે ગરીબ દેશ બન્યો છે.

અહીંયા 90 ટકા લોકો ગરીબી રેખાની નીચે જીવે છે અને માથાદિઠ આવકમાં વેનેઝુએલાનો ક્રમ વિશ્વમાં 127મો આવે છે. એટલું જ નહીં અહીંયા 2018માં જે રીતે મોંઘવારીનો દર પહોંચ્યો હતો તેનાથી પૂરા દેશનું અર્થતંત્ર પડી ભાંગ્યું હતું. તે સમયે થોડાં ઈંડા ખરીદવા માટે એક લાખ રૂપિયા ચૂકવવા પડતા હતા.





**વેનેઝુએલા દેશ તરીકે બરબાદી પર હતો તેમ છતાં કોઈ વિરોધ પ્રદર્શન કરે તો સરકાર તેના પર કાર્યવાહી કરતી રહી છે. 2010માં હ્યુગો ચાવેઝે વેનેઝુએલામાં ચીજવસ્તુઓની તંગીના કારણે 'આર્થિક યુદ્ધ'જાહેર કર્યું હતું. 2015માં ઓઇલના ભાવ ઝડપથી ઘટ્યા જેના કારણે સરકાર ભીંસમાં આવી**

આજે વેનેઝુએલા જે સ્થિતિથી પહોંચ્યો તે તો તેની પડતીનો સમય છે. 1960ના અરસામાં વેનેઝુએલા OPEC સાથે જોડાયું ત્યારે તો તેનું એક દિવસનું ઓઈલ પ્રોડક્શન 3.5 મિલિયન બેરલ હતું. તત્કાલિન વૈશ્વિક ઉત્પાદનમાં તે ટકાવારી સાતની આસપાસ હતી.

જોકે ઘણી વાર આશિર્વાદરૂપે મળેલા ભંડાર પણ કામના નથી રહેતા, એવું વેનેઝુએલાના કિસ્સામાં થયું છે. ધીરે ધીરે પૂરા દેશ માટે ઓઈલ સૌથી મોટી નબળાઈ પૂરવાર થઈ. અન્ય ધંધા, વેપાર ભાંગી પડ્યા. એટલું જ નહીં ખેતીને પણ પ્રોત્સાહન ન અપાયું. વેનેઝુએલાના સત્તાધારી એવું માની બેઠા હતા કે ઓઈલની કિંમત હંમેશા ઊંચી જ રહેશે અને તે કારણે ક્યારેય તેમને પડતીનો સામનો કરવો નહીં પડે. પરંતુ 1980માં ઓઈલની કિંમતો વિશ્વભરમાં નીચે આવી.

વેનેઝુએલાના અર્થતંત્રને તેનો મરણતોલ ફટકો પડ્યો. વેપાર-ધંધા પડી ભાંગ્યા, સરકારની આવક ઓઈલ કિંમત ઘટવાથી સાવ ઓછી થઈ. લોકોએ વિરોધ પણ નોંધાવ્યો જોકે તે સમયના પ્રેસિડન્ટ હ્યુગો ચાવેઝને કોઈ ટસથી મસ ન કરી શક્યા. તેમણે લોકોનું ભલું કરવાની વાતો જોરશોરથી કરી અને તે પછી જ્યારે ઓઈલ પ્રોડક્શન વધ્યું ત્યારે તેમાંથી આવેલા નાણાંનો ખર્ચ લોકોને વિનામૂલ્યે ઘર આપવામાં અને સ્વાસ્થ્ય સેવામાં કર્યો.

સ્વાભાવિક છે કે હ્યુગો ચાવેઝે આ રીતે લોકોને પોતાની તરફી કર્યા. ઘણી જગ્યાએ તો લેપટોપ પણ આપ્યા અને ઘરનો સામાનેય આપ્યો. પરંતુ તેના કારણે સરકારની તિજોરી તળીયાઝાટક થઈ ગઈ અને ફરી દેશ મુસિબતમાં આવી ગયો. આખરે મોંઘવારી ઘટાડવા માટે સરકારે કિંમતો પર મર્યાદા મૂકી. તેના કારણે પ્રોડક્શન કરનારી ખાનગી કંપનીઓને નુકસાન ઝેલવાનું આવ્યું. આખરે કંપનીઓએ પ્રોડક્શન કરવાનું બંધ કરી દીધુ. આ કારણે બેકારી વધી અને રડ્યાખડ્યા ઉદ્યોગો પણ બંધ થયા.

ઓઈલથી નિર્માણ પામેલો દેશ ઓઈલ ઉત્પાદનનું વ્યવસ્થાપન ન કરી શકવાના કારણે ગરીબીમાં સપડાયો. હવે એવુંય નથી વ્યવસ્થાપન માટે વેનેઝુએલામાં પ્રયાસ ન થયા હોય. 1976ના વર્ષમાં 'પેટ્રોલિયમ ઑફ વેનેઝુએલા'નામની એક કંપની સરકારે સ્થાપી હતી. આ જાહેર કંપની હતી. વેનેઝુએલામાં ઓઈલ કે ગેસની શોધખોળ થાય, પ્રોડક્શન અને તે પછી રિફાઈનિંગ અને આખરે એક્સ્પોર્ટ થાય તે બધું જ કામ 'પેટ્રોલિયમ ઑફ વેનેઝુએલા'ના અંતર્ગત થતું હતું. હવે કંપની મસમોટો નફો કરતી પણ તેનો લાભ કર્મચારીઓને મળતો નહીં. તે અંગે વિરોધ થયો તો 2002માં તત્કાલિન રાષ્ટ્રપતિ હ્યુગો ચાવેઝ 'પેટ્રોલિયમ ઑફ વેનેઝુએલા'માંથી 19,000 કર્મચારીઓને એક જ દિવસે પાણીચું પકડાવી દીધું. આ દરમિયાન કર્મચારીઓને ધમકી આપવામાં આવી હતી કે કાં તો તમે હ્યુગો ચાવેઝ સાથે રહો અથવા નોકરીથી હાથ ખોઈ બેસો. વેનેઝુએલામાં જે કંઈ થયું તેનું એક કારણ પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રીઝનો કન્ટ્રોલ અમેરિકન કંપનીઓને સોંપી દેવાનો પણ હતો. હાલમાં પણ વેનેઝુએલામાં જે કોઈ કંપની પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલી છે તેમાંથી મહદંશે અમેરિકન કંપનીઓ છે.

વેનેઝુએલા દેશ તરીકે બરબાદી પર હતો તેમ છતાં કોઈ વિરોધ પ્રદર્શન કરે તો સરકાર તેના પર કાર્યવાહી કરતી રહી છે. 2010માં હ્યુગો ચાવેઝે વેનેઝુએલામાં ચીજવસ્તુઓની તંગીના કારણે 'આર્થિક યુદ્ધ'જાહેર કર્યું હતું. 2015માં ઓઈલના ભાવ ઝડપથી ઘટ્યા જેના કારણે સરકાર ભીંસમાં આવી.

વિરોધ ખૂબ વધ્યો. જોકે લોકોના વિરોધનો અવાજ દબાવવા હ્યુગો ચાવેઝે ક્રૂર કાર્યવાહી હાથ ધરી. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ 2017માં વેનેઝુએલાના સ્પેશિયલ ફોર્સ દ્વારા 5,287 લોકોને મારી નાંખવામાં આવ્યા હતા. 2019માં મારી નાંખવામાં આવેલા નાગરિકોનો આંકડો 1569નો હતો. લોકોના વિરોધ વચ્ચે વર્તમાન વેનેઝુએલાના રાષ્ટ્રપતિ જેમની અમેરિકા દ્વારા ધરપકડ થઈ છે તે નિકોલસ માદુરો બંધારણમાં પણ પોતાની ઈચ્છા મુજબ બદલાવ લાવી દીધા. ચૂંટણીમાં એટલી બધી ઘાલમેલ કરી કે વિરોધ પક્ષમાંથી કોઈ દેશની ધૂરા સંભાળી જ ન શકે.

છેલ્લે 2024માં થયેલી ચૂંટણીમાં તો મુખ્ય વિરોધ પક્ષના આગેવાનને ચૂંટણી લડવાથી જ બર્ખાસ્ત કરી દીધા.

વિરોધ થયો, જોકે વેનેઝુએલાના ઈલેક્શન કમિશન અને સુપ્રિમ કોર્ટે સુધ્ધા નિકોલસ મુદરોના તરફેણમાં ચૂકાદો આપ્યો. વેનેઝુએલાનો કિસ્સો જોઈએ તો અહીંના પ્રજાની બદહાલીનું એક માત્ર કારણ રાજકીય આગેવાનો છે અને તેનો વિરોધ લોકો દ્વારા સમયાંતરે થતો રહ્યો છતાં તેઓ શાસન પરથી ઊતરવાનું નામ લેતા નથી. વેનેઝુએલાના કિસ્સા પરથી આપણા દેશના શાસન પર સતત નજર રાખવાની આપણી સૌની ફરજ છે, નહીંતર એક સમયે વેનેઝુએલામાં વિકાસના ગીતો ગવાતા હતા, પણ હવે પ્રજા બદહાલીમાં છે અને પોતાના રાષ્ટ્રપતિને અન્ય દેશના સૈનિકો ધરપકડ કરીને લઈ ગયા છે. •

